હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીનું પાક્ષિક વૃત્તપત્ર

સળંગ અંક : ૮૮૯, વર્ષ : ૩૭, અંક : ૧૮
૧૬-સપ્ટેમ્બર, ૨૦૨૬

# ઉદીરય

HNGU
HEMCHANDRACHARYA
NORTH GUJARAT
UNIVERSITY, PATAN
Re-Accredited "B" 2.21 CGPA by NAAC

સૌજન્ય : શ્રી સિધ્ધહેમ પ્રકાશન નિધિ : શ્રી ભોગીલાલ લહેરચંદ કૌટુંબિક ટ્રસ્ટ તથા શ્રી પાટણ જૈનમંડળ, મુંબઈ

भाषासु मुख्या मधुरा दिव्या गीर्वाणभारती।
तस्माद्धि काव्यं मधुरं तस्मादपि सुभाषितम्॥
બધી ભાષાઓમાં દેવભાષા સંસ્કૃત સૌથી મુખ્ય, મધુર અને દિવ્ય છે. તેમાં પણ તેનું સાહિત્ય/કાવ્ય મધુર છે, અને તે કાવ્ય કરતાં પણ તેનાં સુભાષિતો વધુ મધુર છે.
द्वे प्रतिष्ठे ही भारतस्य – संस्कृतिः संस्कृतं तथाम्॥
ભારત દેશની બે જ મુખ્ય ઓળખ અને પ્રતિષ્ઠા છે – એક ભારતની સંસ્કૃતિ અને બીજી સંસ્કૃત ભાષા.
संस्कृतं ज्ञान विज्ञान शेवधिः॥
સંસ્કૃત ભાષા એ તમામ પ્રકારના જ્ઞાન અને વિજ્ઞાનનો અમૂલ્ય ખજાનો (ભંડાર) છે.

## આદિવચન

**પ્રિય વાચક મિત્રો,**

''भाषासु मुख्या मधुरा दिव्या गीर्वाणभारती''

સંસ્કૃત ભાષાએ ભારતની પ્રાચીન, સમૃધ્ધ અને સાંસ્કૃતિક વારસાની ભાષા છે. શાસ્ત્રોમાં સંસ્કૃતને 'ગીર્વાણભારતી' અથવા 'દેવભાષા' કહેવામાં આવે છે. સંસ્કૃત ભાષાને ભારતની તમામ ભાષાઓની જનની, સૌથી જૂની અને વૈજ્ઞાનિક ભાષાઓમાંની એક માનવામાં આવે છે. તેમાં ભારતીય વિજ્ઞાન, ગણિત, આયુર્વેદ, યોગ અને દર્શનશાસ્ત્રનો ખજાનો છે. ભારતીય સંસ્કૃતિ, સાહિત્ય અને જ્ઞાન–વિજ્ઞાનની પરંપરાને સમજવા માટે સંસ્કૃત ભાષાનું અનન્ય મહત્ત્વ રહેલું છે. ભારતની સંસ્કૃતિ અને ઈતિહાસના આધાર પ્રાચીનગ્રંથો, વેદ, ઉપનિષદ, રામાયણ, મહાભારત, ભગવદ્‌ગીતા, ભારતીય સનાતન સંસ્કૃતિના મૂલ્યો અને દર્શનશાસ્ત્ર સંસ્કૃત ભાષામાં જ લખાયેલ છે. મહર્ષિ પાણીની દ્વારા ચોકસ અને નિયમબધ્ધ રચાયેલ સંસ્કૃત વ્યાકરણ 'અષ્ટાધ્યાયી' ના કારણે સંસ્કૃત ભાષાને વિશ્વની સૌથી સ્પષ્ટ અને ગાણિતીક ભાષા માનવામાં આવે છે. વૈજ્ઞાનિક અભ્યાસ મુજબ સંસ્કૃત શ્લોકો અને મંત્રોના ગાનથી જીભ અને ગળાના સ્નાયુઓની કસરત થાય છે અને તેનાથી વાણી શુધ્ધ બને, મગજની એકાગ્રતા અને યાદશક્તિમાં વધારો થાય છે. સંસ્કૃત વર્ણમાળાનો દરેક અક્ષર શરીરના ચક્રો સાથે જોડાયેલ છે. જન્મથી લઈને મૃત્યુ સુધીના સોળ સંસ્કારો પણ સંસ્કૃત મંત્રોચ્ચાર વિના અપૂર્ણ માનવામાં આવે છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ રૂપી પુરૂષાર્થની પ્રાપ્તિ સંસ્કૃત સાહિત્યનું અધ્યયન કરવાથી થાય છે.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ – ૨૦૨૦માં ભારતીય ભાષાઓના સંવર્ધન, ભારતીય પરંપરાના પુનઃ જાગરણ, મૂલ્ય આધારિત શિક્ષણ તથા સંસ્કૃત ભાષાના પ્રચાર–પ્રસાર ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. વર્તમાન સમયમાં ડીજીટલ યુગ અને આધુનિક શિક્ષણ પધ્ધતિના લીધે સંસ્કૃત ભાષના સંવર્ધન માટે ભારત સરકાર દ્વારા ૧૯૬૯ થી શ્રાવણી પૂર્ણિમાના અવસરે શિક્ષણ મંત્રાલય દ્વારા કેન્દ્ર અને રાજ્યસ્તરે સંસ્કૃત દિવસની ઉજવણીની જાહેરાત કરવામાં આવેલી જેનો હેતુ સંસ્કૃત ભાષાના સંવર્ધન, ભારતીય જ્ઞાન પરંપરાના સરંક્ષણ તથા સમાજમાં સંસ્કૃત પ્રત્યે જાગૃતિ અને ગૌરવભાવનો વિકાસ કરવાનો છે. ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ હેઠળ કાર્યરત ગુજરાત રાજ્ય બોર્ડ દ્વારા 'સંસ્કૃત સપ્તાહ મહોત્સવ યોજના' અંતગર્ત વિશ્વ સંસ્કૃત દિવસના અવસરે ત્રણ દિવસ પૂર્વે અને ત્યારબાદના ત્રણ દિવસ એમ મળી સાત દિવસ 'સંસ્કૃત સપ્તાહ મહોત્સવની' ઉજવણી કરવામાં આવતી હોય છે. સંસ્કૃત સપ્તાહ દરમિયાન શૈક્ષણિક સંસ્થાઓમાં સંસ્કૃત ગૌરવયાત્રા, સંસ્કૃત સંભાષણ દિવસ, સંસ્કૃત સાહિત્ય દિવસ, સામૂહિક શુભાષિત પાઠ દિવસ જેવા કાર્યક્રમો થાય છે. આ કાર્યક્રમો દ્વારા વિદ્યાર્થીઓમાં સંસ્કૃત ભાષા પ્રત્યે અભિરૂચી, ભારતીય જ્ઞાન પરંપરા પ્રત્યે ગૌરવભાવ, સર્જનાત્મકતા, સંશોધનવૃતિ, સમાજ સહભાગિતા વિકસે અને વિદ્યાર્થીઓમાં સંસ્કાર, ભાષાપ્રેમ, સ્મરણશક્તિ અને મૂલ્યનિષ્ઠ જીવન દષ્ટિનો વિકાસ થાય છે. સંસ્કૃત ભાષાને ભારતની પ્રાચીન સંસ્કૃતિ, જ્ઞાન અને વિજ્ઞાનનો મુખ્ય આધાર ગણવામાં આવે છે. તેના સંવર્ધન માટે શિક્ષણ અને પાઠ્યક્રમમાં સ્થાન, દૈનિક જીવનમાં બોલચાલ માટે સંસ્કૃતનો ઉપયોગ કરવો, સંસ્કૃત શીખવા માટે વિવિધ એપ્લિકેશન, ઈ–બુકસ, અને ઓનલાઈન કોર્સ ઉપલબ્ધ કરાવવા, પ્રાચીન તાડપત્રો અને હસ્તપ્રતોનું ડિજીટાઈઝેશન કરીને સુરક્ષિત રાખવી અને સામાજિક સંગઠનો તેમજ દરેક નાગરિકે સંસ્કૃત ભાષાના વારસાને જીવંત રાખવા સહભાગી થવું એ જ અભ્યર્થના.

તા. ૧૬-૦૯-૨૦૨૬
પાટણ.

**પ્રો. ડૉ. કિશોરકુમાર પોરિયા**
કુલપતિ

# યુનિવર્સિટી ન્યુઝ

## સંસ્કૃત સપ્તાહ ઉજવણી


















ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ, ગાંધીનગર તથા શિક્ષણ વિભાગ, ગુજરાત સરકારના માર્ગદર્શન હેઠળ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના સંસ્કૃત અને ભારતીય વિદ્યા અનુસ્નાતક વિભાગ દ્વારા સંસ્કૃત સપ્તાહ ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. સંસ્કૃત ભાષાના પ્રચાર–પ્રસાર, સંવર્ધન અને વિદ્યાર્થીઓમાં સંસ્કૃત પ્રત્યે રસ તથા જાગૃતિ વધારવાના ઉદ્દેશથી આ ઉજવણીના ભાગરૂપે તા. ૨૫ ઓગસ્ટથી ૩૧ ઓગસ્ટ ૨૦૨૬ દરમિયાન વિવિધ શૈક્ષણિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવેલ.

સંસ્કૃત સપ્તાહ ઉજવણીના ભાગરૂપે પ્રથમ દિવસે, તા. ૨૫–૮–૨૦૨૬ના રોજ સંસ્કૃત વિભાગ ખાતેથી સવારે ૧૧–૩૦ કલાકે સંસ્કૃત ગૌરવયાત્રા અને સામૂહિક સુભાષિત ગાન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સંસ્કૃત વિભાગના અધ્યાપકોની સાથે સંસ્કૃત ભાષાના અનુરાગીઓ, MSW વિભાગના અધ્યાપકો, અંગ્રેજી વિભાગના અધ્યાપકો, NSS વિભાગના કર્મચારીઓ તથા BAOU વિભાગના કર્મચારીઓ પણ આ ગૌરવયાત્રામાં જોડાયા હતા.

તા. ૩૧–૮–૨૦૨૬ના રોજ સંસ્કૃત સપ્તાહ અંતર્ગત વિવિધ સ્પર્ધાઓ, સંસ્કૃત ગીત સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, પોસ્ટર મેકિંગ, ક્વિઝ સ્પર્ધા યોજાઇ હતી. આ સ્પર્ધાઓમાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા તથા પ્રથમ ત્રણ ક્રમાંક પ્રાપ્ત કરનાર વિજેતાઓને મોમેન્ટો અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ સંસ્કૃત સપ્તાહોત્સવ અંતર્ગત સંસ્કૃત ગૌરવયાત્રા અને સામૂહિક સુભાષિત ગાન સ્પર્ધાનું સંપૂર્ણ આયોજન કાર્યક્રમના કો–ઓર્ડિનેટર ડૉ. સપનાબેન પટેલ (ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ, ગાંધીનગર), સંસ્કૃત વિભાગના અધ્યક્ષ ડૉ. ડી.બી. રાઠવા, પ્રો. ડૉ. દિલીપભાઇ પટેલ, ડૉ. વિપુલભાઇ શ્રીમાળી, ડૉ. વૈશાલીબેન પટેલ તથા સંસ્કૃત વિભાગના પીએચ.ડી. રિસર્ચ સ્કોલર વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું.

# કૉલેજ ન્યુઝ

## ઉજવણી




❊ શ્રી કે.આર. કટારા આર્ટ્સ કૉલેજ, શામળાજી ખાતે તા. ૨૧ જૂન વિશ્વ યોગ દિવસને ધ્યાને લઇ તા. ૨૦–૦૬–૨૦૨૬ના રોજ પ્રિ.ડૉ. અજયભાઇ કે. પટેલના માર્ગદર્શન હેઠળ યોગ અને પ્રાણાયામનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં શારીરિક શિક્ષણના અધ્યાપક ડૉ. અજીતસિંહ ચૌહાણે આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સમગ્ર વિશ્વમાં યોગનું મહત્વ સમજાવી વિશ્વને યોગ સાથે જોડેલ છે એ બાબત ઉદાહરણ સહિત સમજાવી હતી અને સ્વાસ્થ્ય માટે શ્રેષ્ઠ યોગા જ છે એ બાબત પર ભાર મૂક્યો હતો. સદર કાર્યક્રમમાં ગુજરાત રાજ્યના યોગ બોર્ડના ત્રણ ટ્રેનર્સ ઉપસ્થિત રહી યોગ અને પ્રાણાયામનો અભ્યાસ કરાવ્યો હતો.




❊ સરકારી વિનયન કોલેજ, ભાભર ખાતે તા. ૨૧–૦૬–૨૦૨૬ના રોજ 'International Day of Yoga-2026'ની થીમ 'Yoga for Healthy Ageing' અંતર્ગત આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સમાજમાં યોગ પ્રત્યે જાગૃતિ લાવવાનો તથા સ્વસ્થ જીવનશૈલી અપનાવવા માટે પ્રેરણા આપવાનો હતો. કૉલેજના આચાર્યશ્રી ડૉ. વી.ટી. રાવલે પોતાના ઉદ્‌બોધનમાં યોગનું માનવ–જીવનમાં રહેલું આત્માના સમન્વયનું એક સશક્ત માધ્યમ છે. આજના ઝડપી અને તણાવપૂર્ણ જીવનમાં યોગ વ્યક્તિને શારીરિક તથા માનસિક રીતે સશક્ત બનાવે છે. આ વર્ષની થીમ Yoga for Healthy Ageing ને અનુરૂપ તેમણે જીવનના દરેક તબક્કે યોગની ઉપયોગિતા વિશે વિસ્તૃત માહિતી આપી હતી. ત્યારબાદ વિદ્યાર્થીઓ અને ઉપસ્થિત સ્ટાફ મિત્રો દ્વારા માનનીય વડાપ્રધાનશ્રીના યોગ દિવસ નિમિત્તે આયોજિત કાર્યક્રમનું જીવંત પ્રસારણ નિહાળવામાં આવ્યું હતું. વડાપ્રધાનશ્રીએ પોતાના સંબોધનમાં યોગને વૈશ્વિક આરોગ્ય અને સુખાકારી માટેનું મહત્ત્વપૂર્ણ સાધન ગણાવી સમગ્ર વિશ્વને યોગ સાથે જોડાવાનું આહ્વાન કર્યું હતું. યોગ નિષ્ણાત શ્રી બાબુભાઈના માર્ગદર્શન હેઠળ યોગાભ્યાસ કાર્યક્રમમાં યોગના મૂળભૂત સિદ્ધાંતો અને યોગ કરતી વખતે રાખવાની સાવચેતીઓ વિશે માહિતી આપી હતી. ત્યારબાદ તેમણે કોમન યોગા પ્રોટોકોલ અનુસાર વિવિધ યોગાસનો, પ્રાણાયામ તથા ધ્યાનની ક્રિયાઓ કરાવી હતી.



❊ શ્રી વી.આર. પટેલ કોલેજ ઓફ કોમર્સ, મહેસાણામાં યોગા દિવસની થીમ Yoga for Healthy Ageing અંતર્ગત એન.સી.સી., એન.એસ.એસ. અને સ્પોર્ટ્સના સહયોગથી વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. યોગ કરવા માટે ડૉ. હર્ષાબેન ડાંગરે યોગ ગુરૂ તરીકે ફરજ બજાવી હતી. જેમાં કૉલેજના આચાર્યશ્રી ડૉ. જે.કે. પટેલ, અધ્યાપકો, વહીવટી સ્ટાફ તથા વિદ્યાર્થીઓએ ઉપસ્થિત રહી વિશ્વ યોગ દિવસને સફળ બનાવ્યો હતો.



❊ શ્રી ત્રિકમજીભાઇ ચતવાણી આર્ટ્સ એન્ડ જે.વી. ગોકળ ટ્રસ્ટ કોમર્સ કોલેજ, રાધનપુરમાં કૉલેજના પ્રિ. ડૉ. સી.એમ. ઠક્કરના માર્ગદર્શન હેઠળ તા. ૨૧–૬–૨૦૨૬ના રોજ વિશ્વ યોગ દિવસની ઉજવણીનું આયોજન કરવામાં આવેલ હતું. કૉલેજના પ્રિ. ડૉ. સી.એમ. ઠક્કરે પોતાના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં યોગ દિવસનું મહત્ત્વ અને જીવનમાં અનિવાર્યતા વિશેની વિસ્તૃત માહિતી આપી હતી. ડૉ. બી.પી. બોસમિયાએ વિવિધ આસનો જેવા કે તાડાસન, વૃક્ષાસન, હસ્તપાદાસન, અર્ધચક્રાસન ભદ્રાસન, ત્રિકોણાસન, વજ્રાસન, શસાંકાસન તેમજ પ્રાણાયામમાં કપાલભાતિ, ભ્રામરી તેમજ ઓમકાર જેવા આસનો કરાવ્યા હતાં. વિશેષમાં ડૉ. એસ. કે. પ્રજાપતિ દ્વારા શીર્ષાસન તથા મયૂરાસન કરવામાં આવ્યા હતાં. આ કાર્યક્રમમાં કૉલેજમાં તમામ સ્ટાફ, એન.સી.સી. કેડેટ્સ તેમજ વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.



❊ શ્રીમતી આનંદીબેન શંકરભાઈ ચૌધરી મહિલા આર્ટ્સ એન્ડ હોમ સાયન્સ કોલેજ, મહેસાણામાં હિન્દી વિભાગ દ્વારા બીએસએમ–૫ની વિદ્યાર્થિનીઓએ કબીર જયંતિની ઉજવણી કરી. વિદ્યાર્થિનીઓએ કબીરના જન્મ, સાહિત્ય અને દોહાગાન કરી કબીરનું વર્તમાન સમયમાં શું મહત્ત્વ છે તેના વિશે પોતાના વિચારો રજૂ કર્યા હતાં. આ કાર્યક્રમમાં ૪૧ વિદ્યાર્થિનીઓએ હાજર રહી તેમજ સંપૂર્ણ કાર્યક્રમનું આયોજન ડૉ. અંજુ સુરાણા અને ડૉ. અશોક તડવીએ કર્યું હતું



❊ શ્રીમતી આર.આર.એચ. પટેલ મહિલા આર્ટસ કૉલેજ, વિજાપુરમાં તા. ૧૫–૭–૨૦૨૬ ના રોજ સંસ્કૃત વિભાગ દ્વારા અષાઢસ્ય પ્રથમ દિવસ નિમિત્તે મેઘદૂત વિષય પર વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં પ્રિ. સુરેશભાઈ પટેલે 'મેઘદૂત' ખંડકાવ્યનો વિસ્તારથી પરિચય આપ્યો હતો. તથા પ્રો.ડૉ. જાગૃતિબેન પટેલે 'મેઘદૂત'ને આધારે કાલિદાસની કલા વિશે વિસ્તારથી ચર્ચા કરી હતી.



❊ તા. ૨૭ જૂન. ૨૦૨૬ના રોજ શ્રી પી. કે મહેતા કૉલેજ ઓફ સ્પેશ્યલ એજ્યુકેશન, પાલનપુર ખાતે વિશ્વવિખ્યાત શિક્ષણવિદ, લેખિકા અને દિવ્યાંગ અધિકારોની પ્રખર હિમાયતી હેલન કેલરની જન્મજયંતિ ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓમાં દિવ્યાંગજનો પ્રત્યે સંવેદનશીલતા, સમાનતા, સમાવેશી શિક્ષણ અને માનવતાના મૂલ્યોનો વિકાસ કરવાનો હતો. કાર્યક્રમના સંયોજકશ્રી આસી.પ્રો. પવન કુમાર મિશ્રાએ હેલન કેલરના જીવનસંઘર્ષ, અદમ્ય મનોબળ, શિક્ષણ પ્રત્યેની નિષ્ઠા અને વિશ્વભરમાં દિવ્યાંગજનોના અધિકારો માટે કરેલા નોંધપાત્ર યોગદાન અંગે વિસ્તૃત માહિતી આપી. આ પ્રસંગે તાલીમાર્થીઓ માટે જુદી જુદી સાત – સફેદ છડી (White Cane) ની મદદથી ચાલવાનો અનુભવ, આંખ પર પટ્ટી બાંધીને ચાલવું અને વસ્તુઓ શોધવી,આંખ પર પટ્ટી બાંધીને બોક્સમાં રાખેલી વસ્તુઓની ઓળખ કરવી, સ્પર્શ દ્વારા વ્યક્તિની ઓળખ કરવી, અવાજ સાંભળી વ્યક્તિની ઓળખ કરવી. સુગંધ દ્વારા વસ્તુઓની ઓળખ કરવી, બોક્સમાંથી વસ્તુઓ શોધવી, સમાવેશી શિક્ષણને સાર્થક કરતી પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું.



❊ સરકારી વિનયન કૉલેજ, ભાભર ખાતે તા. ૧–૭–૨૦૨૬ ના રોજ એફ.વાય. બી.એ.ના વિદ્યાર્થીઓ માટે પ્રવેશોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય અને સ્વાગત સાથે કરવામાં આવી હતી. નવા પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓનું કૉલેજ પરિવાર તરફથી હાર્દિક સ્વાગત કરવામાં આવ્યું. આચાર્યશ્રીએ વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણનું મહત્વ સમજાવ્યું તેમજ કૉલેજના શૈક્ષણિક વાતાવરણ, વિવિધ પ્રવૃત્તિઓ, શિસ્ત, નિયમો અને ઉપલબ્ધ સુવિધાઓ અંગે માર્ગદર્શન આપ્યું હતું. તેમણે વિદ્યાર્થીઓને નિયમિત અભ્યાસ, સમયનું યોગ્ય આયોજન અને સર્વાંગી વિકાસ માટે વિવિધ સહશૈક્ષણિક પ્રવૃત્તિઓમાં સક્રિય ભાગ લેવા પ્રેરિત કર્યા હતા. કાર્યક્રમ દરમિયાન અધ્યાપકોએ પણ વિદ્યાર્થીઓને અભ્યાસક્રમ, પરીક્ષા પદ્ધતિ, કૉલેજની વિવિધ સમિતિઓ અને વિદ્યાર્થી કલ્યાણની યોજનાઓ અંગે જરૂરી માહિતી આપી હતી.



❊ શ્રી કે. આર. કટારા આર્ટ્સ કૉલેજ, શામળાજીમાં સપ્તધારા–કલા – કૌશલ્ય ધારા અને અર્થશાસ્ત્ર વિભાગના સંયુક્ત ઉપક્રમે વિશ્વ વસ્તી દિવસ અંતર્ગત ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ વિશ્વ વસ્તી દિવસ અને તેની સમગ્ર અર્થતંત્ર પર પડેલી અસરોને પોતાના ચિત્રોમાં રંગો સાથે જોડીને એક અનોખી છાપ ઉપસાવી હતી. ચિત્ર–સ્પર્ધાના અંતે નિર્ણાયકશ્રીઓ ડૉ. સમીર આર. પટેલ, ડૉ. સરવાણી પટેલે અને ડૉ.અંકિતા પટેલે પરિણામ તૈયાર કર્યું હતું. જેમાં પ્રથમ ત્રણ ક્રમાંક પ્રાપ્ત કરેલ વિદ્યાર્થીઓ અને ભાગ લીધેલ તમામ વિદ્યાર્થીઓને પેન આપીને પ્રોત્સાહિત કર્યા હતા. પ્રિ.ડૉ. એ. કે. પટેલના માર્ગદર્શન હેઠળ સમગ્ર કાર્યક્રમનું આયોજન ડૉ. સોનલ જે. પંડ્યા અને ડૉ. મયુરી પી. પાટીલે કર્યું હતું.

## એન.સી.સી.



શ્રી બી. પી. બ્રહ્મભટ્ટ આર્ટ્સ એન્ડ એમ. એચ. ગુરુ કોમર્સ કૉલેજ, ઊંઝા ખાતે એન.સી.સી. યુનિટ દ્વારા તા. ૧૭–૭–૨૦૨૬ ના રોજ નવા કેડેટ્સના સિલેક્શન માટે એન.સી.સી. એનરોલમેન્ટ કેમ્પ યોજવામાં આવ્યો હતો. ૭ બટાલિયન એન.સી.સી. યુનિટ મહેસાણાથી હવાલદાર દલવિંદરસિંઘ તથા હવાલદાર રવીકુમાર દ્વારા કુલ ૧૭ વિદ્યાર્થીઓનું રેગ્યુલર સિલેક્શન તથા ૧૦ વિદ્યાર્થીઓનું વેઈટિંગ લીસ્ટમાં સિલેક્શન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓની શારીરિક તથા માનસિક શક્તિઓની ચકાસણીના આધારે સિલેક્શન કરવામાં આવ્યું હતું.

## એન.એસ.એસ.



❊ સી.એન. આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, કડીના એન.સી.સી. તેમજ એન.એસ.એસ. વિભાગ દ્વારા પ્રિ.ડૉ. જી.ડી. ત્રિપાઠીના માર્ગદર્શન હેઠળ તા. ૧૦–૭–૨૦૨૬ના રોજ વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં વિદ્યાર્થીઓએ હાજર રહી વૃક્ષારોપણ કર્યું હતું. આ કાર્યક્રમમાં રાજ્યસભાના નવનિયુક્ત સાંસદ રાજેશભાઈ શુકલ, ધારાસભ્ય રાજેન્દ્રભાઈ ચાવડા, ટ્રસ્ટના મંત્રી નલિનભાઈ શાહ, ઉપપ્રમુખ ડૉ. રજનીકાંતભાઈ શાહ ઉપસ્થિત રહ્યા હતા.



❊ સી. એન. આર્ટ્સ એન્ડ બી. ડી. કોમર્સ કૉલેજ, કડીના એન.એસ.એસ. વિભાગ દ્વારા પ્રિ. ડૉ. જી. ડી. ત્રિપાઠીના માર્ગદર્શન હેઠળ તા.૧૭–૭–૨૦૨૬ના રોજ એન.એસ.એસ. ઓરિએન્ટેશન પ્રોગ્રામ યોજવામાં આવ્યો હતો. પ્રોગ્રામમાં પ્રિ. ડૉ. જી. ડી. ત્રિપાઠી, વા.પ્રિ. ડૉ. જે. એમ. ચાવડાએ શાબ્દિક પ્રવચન આપ્યું હતું. એન.એસ.એસ. પૂર્વ પ્રોગ્રામ ઓફિસર ડૉ. ચિરાગભાઈ ધંધુકિયા એન.એસ.એસ. વિશે માહિતી આપી હતી. તેમજ ડૉ. નવીનચંદ્ર વાઘેલાએ એન.એસ.એસ.ના સ્વયંસેવકોને એન.એસ.એસ. ના નિયમો, ઉદ્દેશો અને કરવામાં આવતી પ્રવૃત્તિઓ તેમજ સેવાકીય પ્રવૃત્તિઓ દ્વારા આપણા જીવનમાં આવતા પરિવર્તન વિશે જાણકારી અને માહિતી આપી હતી. આ પ્રસંગે નવા જોડાયેલ એન.એસ.એસ. સ્વયંસેવકોને શુભેચ્છાઓ અને અભિનંદન પાઠવ્યા હતા.




❊ શ્રી આદર્શ કૉલેજ, દિયોદરમાં તા ૧૭–૭–૨૦૨૬ ના રોજ એન.એસ.એસ. યુનિટના ઉપક્રમે ઓરિએન્ટેશન કાર્ય શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્ય શિબિરમાં પ્રિ.ડૉ. ભગવાનભાઈ ચૌધરી, એન.એસ.એસ. પ્રોગ્રામ ઑફિસર પ્રા. અજાભાઈ, પ્રા. હસમુખભાઈ પટેલ તેમજ વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. આ કાર્ય શિબિરમાં એન.એસ.એસ.માં જોડાવાથી વિદ્યાર્થીઓમાં રહેલી સ્કીલ, નેતૃત્વ અને રાષ્ટ્રભાવના દ્વારા સામાજીક કાર્યો કરવાની પ્રેરણા મળે, બાળકમાં રહેલી સુષુપ્ત શક્તિઓને ખીલવવાની તક મળે જેના દ્વારા બાળકનો સર્વાંગી વિકાસ થાય અને સમાજને ઉપયોગી થાય.



❊ શ્રી એન.એમ. શાહ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, શંખેશ્વર અને પુનાબા લોક વિદ્યા કેન્દ્ર, પાટણના સંયુક્ત ઉપક્રમે તા. ૧૧–૭–૨૦૨૬ના રોજ એન.એસ.એસ. વિભાગ અને અર્થશાસ્ત્ર વિભાગના નેજા હેઠળ વિશ્વ વસ્તી દિવસ કાર્યક્રમ યોજાયો હતો. પુનાબા લોક વિદ્યા કેન્દ્રના કો–ઓર્ડિનેટર વનવીરભાઈ ચૌધરીએ વસ્તી વિસ્ફોટ અને વસ્તી નિયંત્રણ બાબતે પોતાના વિચારો રજૂ કર્યા હતા. કાર્યક્રમના અધ્યક્ષ કૉલેજના સંચાલક નવીનભાઈ ભોજકે વધતી જતી વસ્તીની સમસ્યાઓ અને નિયંત્રણના ઉપાયો વિશે વાત કરી. પ્રિ.ડૉ. રાજેશ ત્રિવેદીએ આવકાર પ્રવચન કરી વિશ્વમાં વધી રહેલી વસ્તી એક

વૈશ્વિક સમસ્યા વિષય પર પોતાના વિચારો રજૂ કર્યા હતા. નિબંધ સ્પર્ધા અને વકતૃત્વ સ્પર્ધામાં આવેલા પ્રથમ ત્રણ નંબરોને પુનાબા લોકકેન્દ્ર તરફથી રોકડ ઇનામ આપવામાં આવ્યું હતું. અર્થશાસ્ત્ર વિભાગના અધ્યાપક જીગ્નેશભાઇ પ્રજાપતિએ વિશ્વ વસ્તી દિવસ નિમિત્તે પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું.

## કાર્યક્રમ



✻ શ્રી વી.આર. પટેલ કૉલેજ ઑફ કોમર્સ, મહેસાણામાં પ્રિ. ડૉ. જે.કે. પટેલના માર્ગદર્શન હેઠળ બી.કોમ સેમ-૬ પાસ કરેલ વિદ્યાર્થીઓ માટે ચોથા વર્ષના પ્રવેશ માટે માર્ગદશન પૂરું પાડવા ઓરીએન્ટેશન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આચાર્યશ્રી દ્વારા વિદ્યાથીઓને ચોથા વર્ષ અંગેનું માર્ગદર્શન સરકારની ચોથા વર્ષ અંગેની SOP મુજબ આપવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન આઇ.કયુ.એ.સી. કો-ઓર્ડિનેટર ડૉ. અલ્પા જાની દ્વારા કરવામાં આવ્યું હતું.



✻ સરકારી વિનયન કૉલેજ, ભાભર ખાતે તા. ૧-૭-૨૦૨૬ના રોજ સાયબર કાઇમ લોકજાગૃતિ અભિયાન અંતર્ગત વિદ્યાર્થીઓમાં સાયબર સુરક્ષા અંગે જાગૃતિ લાવવાના હેતુથી એક માહિતીસભર કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમના મુખ્ય મહેમાન ભાભર પોલીસ સ્ટેશનના પી.આઈ. એચ.એલ. જોષીએ વિદ્યાર્થીઓને સાયબર ગુનાઓના વિવિધ પ્રકારો, ઑનલાઇન છેતરપિંડીથી બચવાના ઉપાયો, સોશિયલ મીડિયાના સુરક્ષિત ઉપયોગ તેમજ ડિજિટલ વ્યવહારો કરતી વખતે રાખવાની સાવચેતીઓ અંગે વિસ્તૃત માહિતી આપી તેમણે કો અપીલ પણ કરી હતી. કોઈ પણ પ્રકારની સાયબર છેતરપિંડીનો ભોગ બન્યે તરત જ સંબંધિત તંત્રને જાણ કરવાની અપીલ પણ કરી હતી. સાથે સાથે ટ્રાફિકના ASI માધુજી ઠાકોર દ્વારા ટ્રાફિકના નિયમોની પણ માહિતી આપવામાં આવી, એમની સાથે પધારેલ કોન્સ્ટેબલ વિમળાબેન ચૌધરી દ્વારા સ્ત્રી સશક્તિકરણ વિશે પણ માહિતી આપવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન પ્રિ.ડૉ. વી. ટી. રાવલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આચાર્યશ્રીએ વિદ્યાર્થીઓને ડિજિટલ યુગમાં જાગૃત અને જવાબદાર નાગરિક બનવા માટે પ્રેરિત કર્યા તેમજ સાયબર સુરક્ષા અંગેની માહિતીનો પોતાના જીવનમાં અમલ કરવાની સલાહ આપી હતી.



✻ શ્રી કે. આર. કટારા આર્ટ્સ કૉલેજ, શામળાજીમાં 'શી ટીમ એન્ડ સાયબર ક્રાઇમ અવરનેસ' અંતર્ગત શામળાજી પોલીસ સ્ટેશનના પી.આઇ. મેડમ એસ.એસ. માલે ખાસ તેમની ટીમ સાથે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને માહિતી પૂરી પાડી હતી. કાર્યક્રમનાં પ્રારંભે પ્રિ.ડૉ. એ.કે પટેલે પ્રસ્તુત કાર્યક્રમની ભૂમિકા અને મહેમાનોનો પરિચય અવગત કરાવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. જાગૃતિ પટેલે કર્યું હતું.



✻ શ્રી વી.આર.પટેલ કૉલેજ ઓફ કોમર્સ, મહેસાણામાં પ્રિ.ડૉ.જે.કે.પટેલના માર્ગદર્શન હેઠળ બી.કોમ. સેમ-૧ ના વિદ્યાર્થીઓ માટે કારકિર્દી માર્ગદર્શન સેમિનાર યોજાયો. જેમાં વક્તા મધુસૂદન બ્રહ્મભટ્ટ દ્વારા વિદ્યાર્થીઓને કારકિર્દીમાં આગળ વધવા માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન ડૉ. કલ્પેશ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.



✻ શ્રી તિરૂપતી બાલાજી આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, પાંથાવાડા ખાતે તા. ૧-૭-૨૦૨૬ ના રોજ પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો હતો. શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માં પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓના સ્વાગતાર્થે પ્રવેશોત્સવ કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં પ્રથમ વર્ષ B.A. & B.Com.ના વિદ્યાર્થીઓને કંકુ તિલક અને મોં મીઠું કરાવી કૉલેજમાં પ્રવેશ કરાવ્યો હતો અને દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. કૉલેજના આચાર્યશ્રી અશ્વિનભાઈ ચૌધરીએ પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓનું હાર્દિક સ્વાગત કરતાં ઉચ્ચ શિક્ષણ (રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦) નું મહત્વ સમજાવ્યું અને અભ્યાસ સાથે શિસ્ત,સંસ્કાર, તથા વ્યક્તિત્વ

વિકાસ પર ભાર મૂક્યો. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓને કૉલેજના અભ્યાસક્રમો, શૈક્ષણિક પ્રવૃત્તિઓ, પુસ્તકાલય, રમતગમત, એન.એસ.એસ. સહિતની વિવિધ સુવિધાઓ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી અને વિદ્યાર્થીઓને નિયમિત અભ્યાસ, સમયપાલન અને સકારાત્મક અભિગમ અપનાવી ઉજ્જવળ ભવિષ્ય ઘડવા માટે પ્રેરણા આપી હતી.



❊ શ્રીમતિ કાંતાબેન કીર્તિલાલ શાહ આર્ટ્સ અને શ્રીમતિ લીલાવતીબેન બાપુલાલ ગુંજારીયા કોમર્સ કૉલેજ, થરાના પ્રિ.ડૉ. ડી.એસ. ચારણની પ્રેરણા પ્રોત્સાહન અને માર્ગદર્શનમાં તા.૨૭ જૂન–૨૦૨૬ના રોજ બી.એ., બી.કોમ. સેમ–૧ના વિદ્યાર્થીઓ માટે ગ્રંથાલય અભિમુખતા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કૉલેજના પ્રિન્સીપાલશ્રીએ વર્ષ ૨૦૨૬ના નવા પ્રવેશ મેળવનાર બી.એ./બી.કોમ.ના વિદ્યાર્થીઓએ કૉલેજ અભ્યાસ દરમ્યાન લાઈબ્રેરીનું શું મહત્વ રહેલું છે તે વિષય પર પ્રેરણાદાયી વ્યાખ્યાન આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે જે લોકો જીવનમાં અભ્યાસકીય રીતે આગળ વધે તેણે લાયબ્રેરી નો ભરપૂર ઉપયોગ કર્યો હોય છે. આપ સર્વે ભાઈઓ બહેનો આપણી કોલેજની લાયબ્રેરીનો વધુ ઉપયોગ કરો એવી કોલેજના વિદ્યાર્થીઓ ને હાકલ કરી હતી. કૉલેજના ગ્રંથપાલ કુ. ધરતીબેને પી.પી.ટી. ના માધ્યમથી લાઈબ્રેરીમાં ઉપલબ્ધ સેવાઓ, ઉપલબ્ધ સાહિત્ય, લાઈબ્રેરી ના સભ્ય કેમ બનવું, લાયબ્રેરી ના નિયમો, આ ઉપરાંત લાયબ્રેરી સાથે જોડાયેલ પ્રવૃતિ જેવી કે વાંચનકુંજ, પુસ્તક પ્રદર્શન, સર્જનાત્મક સ્પર્ધાઓ, વગેરે વિષય પર માર્ગદર્શન આપ્યું હતું.



❊ શ્રીમતી આનંદીબેન શંકરભાઈ ચૌધરી મહિલા આર્ટસ એન્ડ હોમ સાયન્સ કૉલેજ, મહેસાણા અને ઓએનજીસી એસેટના સહયોગથી તથા મોતીભાઈ આર ચૌધરી ફાઉન્ડેશનના ઉપક્રમે આરોગ્ય અને સ્વચ્છતા જાગૃતિનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં કોલેજની ૩૦૦ વિદ્યાર્થીનીઓને ત્રણ મહિનાના સેનેટરી પેડની કીટ આપવામાં આવી હતી. ડૉ. ચેતનાબેન દેસાઈએ માસિક ધર્મ સમયે સ્વચ્છતા જાળવી રોગોથી દૂર રહેવા માટેની સમજ આપી હતી. આ પ્રસંગે શ્રી સાર્વજનિક કેળવણી મંડળ મહેસાણાના સહમંત્રીશ્રી મિલનભાઈ ચૌધરી અને ઓએનજીસી એસેટના જોશનાસિંગ અને પ્રીતિ ચૌધરી તથા મોતીભાઈ આર. ચૌધરી ફાઉન્ડેશનના નિયામકશ્રી વિજયભાઈ ચૌધરી હાજર રહ્યા હતા.

## ગૌરવ




❊ તાજેતરમાં ૩૪ ગુજરાત એન.સી.સી બટાલિયન (34 Gujarat NCC Battalion), હિંમતનગર ખાતે એક ભવ્ય અને ગૌરવશાળી પીપિંગ (રેન્ક) સેરેમનીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વિશેષ સમારોહમાં શ્રી કલજીભાઈ આર. કટારા આર્ટસ કૉલેજ, શામળાજીના આસી પ્રો.ડૉ. કલ્પના પટેલને ભારતીય સેનાના પ્રતિષ્ઠિત લેફ્ટનન્ટના રેન્કથી સન્માનિત કરવામાં આવ્યા હતા. એન.સી.સી. બટાલિયન હિંમતનગરના કમાન્ડિંગ ઓફિસરના વરદ્‌હસ્તે અપાયેલ સ્ટારને આચાર્યશ્રીએ કૉલેજ પરિવાર માટે ગૌરવની બાબત બતાવી તેમજ સમગ્ર કૉલેજ પરિવાર વતી અભિનંદન પાઠવ્યા હતા.

❊ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ દ્વારા ડૉ. બાબા સાહેબ આંબેડકર ચેરના ઉપક્રમે ડૉ. બાબાસાહેબ આંબેડકર નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સમગ્ર યુનિવર્સિટી કક્ષાએ એમ.એ. પરીખ ફાઇન આર્ટ્સ એન્ડ આર્ટ્સ કૉલેજ, પાલનપુરની વિદ્યાર્થિની વરવાડીયા ઉર્વી પ્રથમ સ્થાને રહ્યા હતા. આ ઉપક્રમે શિલ્ડ અને રૂ. ૨૦૦૦ નો ચેક મળ્યો હતો. કૉલેજનું ગૌરવ વધારવા બદલ વિદ્યાર્થિનીને ખૂબ ખૂબ અભિનંદન.

## પ્રવેશોત્સવ



❊ શ્રી વી.આર. પટેલ કૉલેજ ઓફ કોમર્સ, મહેસાણામાં પ્રથમ વર્ષ બી.કોમના વિદ્યાર્થીઓ માટે પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને સરદાર વિદ્યાભવન ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી કે.કે. પટેલે વિદ્યાર્થીઓને આશીર્વાદ પાઠવ્યા હતા. મહેમાન તરીકે બ્રહ્માકુમારી શિલ્પાબેન અને પૂનમબેન ઉપસ્થિત રહ્યા હતા અને શિલ્પાબેન દ્વારા વિદ્યાર્થીઓને સર્વાંગી વિકાસ અંગે

માર્ગદર્શન આપ્યું હતું. પ્રિ.ડૉ. જગદીશભાઈ પટેલે કૉલેજમાં ચાલતી વિવિધ પ્રવૃત્તિઓનો વિગતવાર ચિતાર આપ્યો હતો. અધ્યાપક મિત્રોએ સહઅભ્યાસિક પ્રવૃતિઓ જેવી કે એન.સી.સી., એન.એસ.એસ., સ્પોર્ટ્સ, કલ્ચરલ એક્ટિવિટી, ફિનિશિંગ સ્કૂલ, સ્કોપ, વિવિધ સ્પાર્ધાત્મક પરીક્ષા વગેરેની વિગતવાર માહિતી પ્રદાન કરી વિદ્યાર્થીઓને માહિતીથી અવગત કર્યા હતાં.



❋ શ્રી ત્રિકમજીભાઈ ચતવાણી આર્ટ્સ ઍન્ડ જે.વી. ગોકળ ટ્રસ્ટ કોમર્સ કૉલેજ, રાધનપુરમાં કૉલેજના પ્રમુખ શ્રી ડૉ. મહેશભાઈ મુલાણીના અધ્યક્ષ સ્થાને અને પ્રિ. ડૉ. સી.એમ. ઠક્કરના માર્ગદર્શન હેઠળ તા. ૪–૭–૨૦૨૬ના રોજ કૌશલ્ય વિકાસના સંદર્ભે વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રમુખ શ્રી ડૉ. મહેશભાઈ મુલાણીએ અધ્યક્ષીય ઉદ્બોધન કરેલ. ત્યારબાદ ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડૉ.વિમલેશ ખમારે પ્રાસંગિક ઉદબોધન કરી, મહેમાનને આવકાર્યા હતા. વક્તા સી.એ. શ્રી અજીતભાઈ શાહે વિદ્યાર્થીઓને ઇન્ટરવ્યુ કઇ રીતે આપવું, સફળતા માટે 'કૌશલ્ય' (Skills) હોવું ખૂબ જ જરૂરી છે. કૌશલ્ય વિકાસ એટલે વ્યક્તિની છૂપી શક્તિઓને ઓળખીને તેને વ્યવસાયિક અને આજીવિકા મેળવવા માટે સક્ષમ કંઈ રીતે બનાવવું તે અંગેની વિસ્તૃત માહિતી આપી હતી.

## સ્પર્ધા



❋ સી.એન. આર્ટ્સ એન્ડ બી.ડી. કોમર્સ કૉલેજના એન.એસ. એસ. યુનિટ તેમજ અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા પ્રિ. ડૉ. જી.ડી. ત્રિપાઠીના માર્ગદર્શન હેઠળ તા. ૧૧–૭–૨૦૨૬ના રોજ વિશ્વ વસ્તી દિન નિમિત્તે વકૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં એન.એસ.એસ. યુનિટના સ્વયંસેવકો તેમજ અર્થશાસ્ત્ર વિષયના વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. વકૃત્વ સ્પર્ધામાં ૧૦ જેટલા સ્પર્ધકોએ વસ્તી અને વિકાસમાં જવાબદાર નાગરિકની ભૂમિકા અને વસ્તી નિયંત્રણ કરવા માટેની જાગૃતિ વિશે માહિતી આપી હતી. સ્પર્ધાના નિર્ણાયક તરીકેની ભૂમિકા ડૉ. ચિરાગ ધંધુકિયા, ડૉ.એચ.ડી.પવાર અને ડૉ. શ્વેતાસિંહ ઠાકુરે બજાવી હતી.

## સેમિનાર



સી. એન. આર્ટ્સ એન્ડ બી. ડી. કોમર્સ કોલેજ, કડીના પ્રથમ વર્ષ બી.એ./બી.કોમ. માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને આવકાર – સ્વાગત કાર્યક્રમ તા. ૧૦–૭–૨૦૨૬ ના રોજ સંસ્થાના ઉપપ્રમુખ ડૉ. રજનીકાંતભાઈ શાહના પ્રમુખ સ્થાને યોજાઈ ગયો. આ પ્રસંગે ઉદ્ઘાટક તરીકે રાજ્યસભાના સાસંદ રાજેશભાઈ શુક્લ, મુખ્ય મહેમાન તરીકે કડીના ધારાસભ્ય રાજેન્દ્રભાઈ ચાવડા, એમ.પી. શાહ એજ્યુકેશન સોસાયટીના મંત્રી શેઠશ્રી નલીનભાઇ શાહ, સોસાયટીના કારોબારી સભ્યશ્રીઓ રાજુલભાઈ પરીખ, જયદીપભાઈ બ્રહ્મભટ્ટ, સુરેશભાઈ પટેલ, અબ્દુલભાઈ દલાલ, રાજેન્દ્રભાઇ નાયક ઉપસ્થિત રહ્યા હતા. દીપપ્રાગટ્ય બાદ કોલેજના પ્રિ. ડૉ. જી. ડી. ત્રિપાઠીએ મહેમાનશ્રીઓનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. ત્યારબાદ પુષ્પગુચ્છ અને મોમેન્ટો આપી મહેમાનશ્રીઓનું સન્માન કરાયું હતું. મહેમાનશ્રીઓ દ્વારા વિદ્યાર્થીઓને ઉજ્જવળ કારકિર્દી માટે શુભેચ્છાઓ અને આશીર્વાદ પાઠવવામાં આવ્યા હતા. આ પ્રસંગે કૉલેજમાં પ્રવેશ લેનાર વિદ્યાર્થીઓને વિવિધ વિષયના અધ્યાપકોનો પરિચય તથા વિવિધ પ્રવૃત્તિઓ વિશે માહિતી ડૉ. એચ. ડી. પવાર તથા ડૉ. સી.ડી. ધંધુકિયાએ આપી હતી. સમગ્ર કાર્યક્રમ સંચાલન ડૉ. જે.એમ. ચાવડા અને આભારદર્શન ડૉ. પી.ડી. રાવલે કર્યું હતું.

## સબરસ

જેલર ભૂરાને : કાલે સવારે તને ફાંસી અપાશે, તારી કોઇ અંતિમ ઇચ્છા હોય તો બોલ.

ભૂરો : સાહેબ મારે ટેટી ખાવી છે.

જેલર : પણ આ ટેટીની સિઝન નથી.

ભૂરો : વાંધો નહીં હું રાહ જોઇ લઇશ!


HNGU
HEMCHANDRACHARYA NORTH GUJARAT UNIVERSITY, PATAN

Hemchandracharya North Gujarat University, Patan

P.B.21, University Road, Patan - 384265 • Phone : +91 2766 237000, 220932, 230529 • Visit us at : www.ngu.ac.in • Email : udichyahngu@gmail.com

**Editor : Dr. Rajanikant Patel** (University Librarian)

Published by : **Dr. R.N. Desai**, Registrar, H.N.G.U., Patan.

Printed by : **Vinod Printery,** Nr. Three Gate, **Patan.** • Mo. 9898576011

R.N.I. No. 48820/90, Valid up to 31-12-2026, Posting Reg. No. PATAN/008/2024-26, Office of Posting: PATAN H.P.O

વ્યક્તિગત વાર્ષિક લવાજમ રૂા. ૨૦૦/– કૉલેજનું વાર્ષિક લવાજમ રૂા. ૬૦૦/–